# ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તાબા હેઠળની સરકારી વિજ્ઞાન કોલેજોમાં લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ની ભરતી અંગેની જાહેરાત

રાજ્ય માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજોમાં લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે. કોલેજોમાં લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ ની પસંદગી પ્રક્રિયા તથા નિમણૂંક માટે મળેલ મંજૂરી ને આધીન અંદાજિત કુલ-૫૪ જગ્યાઓ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ. ૫૩૦૦/- ના માસિક ફિક્સ વેતનથી આ કચેરી દ્વારા સીધી ભરતી કરવા માટે ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. પાંચ વર્ષની સેવાઓ પૂરી થયેથી તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો , સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગારધોરણ માં નિમણૂંક આપવા માટે વિચારણા હાથ ધરવામાં આવશે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા:૨૦-૧-૨૦૧૪ થી તા:૩૧-૦૧-૨૦૧૪ સુધી વેબસાઇટ **www.cheguj.com** ઉપર મૂકવામાં આવેલ સૂચના મુજબ **તા:૩૧-૦૧-૨૦૧૪ રોજ ૧૯.૫૯ કલાક** સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ કન્ફર્મ અરજી તારીખ ૦૧-૦૨-૨૦૧૪ના રોજ ૧૯.૫૯ કલાક સુધીમાં કરવાની રહેશે.

આ ભરતી પ્રક્રિયા ગુજરાત સરકારના નીચે મુજબ ના ઠરાવો ને ધ્યાને લઈને કરવામાં આવશે

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ધ/શ/૬૮/જી.સી.ઓ./૧૫૧૨/૩૪૧૨/ખ તા: ૧૩-૧૨-૨૦૧૩
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જી.સી.ઓ./૧૫૧૨/૬૩/ખ તા: ૨૧-૦૩-૨૦૧૩
૩. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૦૨૦૧૩/યુઓ/૨૭/ગ.૪ તા: ૦૫-૦૩-૨૦૧૩
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જી.સી.ઓ./૧૫૧૨/૬૩/ખ તા: ૨૯-૦૯-૨૦૧૨

### ૧. શૈક્ષણિક લાયકાત:

ઉમેદવાર ભારતમાં કાયદા અન્વયે સ્થપાયેલ અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના ભાગ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકેની સંસ્થામાંથી ભૌતિકશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર અથવા માઈક્રોબાયોલોજી ની સ્નાતક ડિગ્રી અથવા સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

### ૨. રાષ્ટ્રીયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

### ૩. વયમર્યાદા :

લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ની અરજી સ્વીકારવા માટેની છેલ્લી તારીખે ઉમેદવારની ઉમર ૩૦ વર્ષથી વધુ ના હોવી જોઈએ.

વય મર્યાદામાં છૂટછાટ:

અનામત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ વયમર્યાદામાં નીચે જણાવ્યા મુજબ છૂટછાટ આપવામાં આવશે. :

૩.૧ અનુ. જાતિ , અનુ. જન. જાતિ અને સા. શૈ.પ વર્ગ- ૫ વર્ષ

૩.૨ બિનઅનામત મહિલા ઉમેદવાર – ૫ વર્ષ

૩.3 અનામત વર્ગના મહિલા ઉમેદવાર –૧૦ વર્ષ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૦૫ વર્ષની છે તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

૩.૪ ૪૦ % કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ (દસ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે

૩.૫ તમામ કેટેગરીના ઉમેદવારની ઉપલી વય મર્યાદા છૂટછાટ સાથેની કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો , ૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર , અગાઉથી ગુજરાત સરકાર ની સેવામાં હોય તેવા ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

## ૪ . નિયમો અને જોગવાઇઓ:

શિક્ષણ વિભાગના તા: ૧૩-૧૨-૨૦૧૩ ના ઠરાવ મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી , ગાંધીનગરના તાબા હેઠળની રાજ્યની સરકારી વિજ્ઞાન કોલેજોમાં લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-3 ની જગ્યા પર નિમણૂંક આપવાની શરતો નક્કી કરેલ છે. તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો અને નિયમો ઉમેદવાર ને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓને આધીન ,

૪.૧ ફિક્સ વેતન ના આ સમયગાળા દરમ્યાન ઉમેદવારે ગુજરાત મુલ્કી સેવાની જોગવાઇઓ અનુસાર , Computer Competency Training and Examination Rules 2006 મુજબ કમ્પ્યુટર ના જ્ઞાન ને લગતી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૪.૨ રાજ્ય સરકારના પ્રસ્થાપિત નિયમો મુજબ પસંદગી પામેલ ઉમેદવારે હિન્દી અથવા ગુજરાતી અથવા બંનેની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૪.3 પસંદગી પામેલ ઉમેદવારે આ અંગે ની ટ્રેનિંગ લેવાની રહે શે અને તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ પરીક્ષા પાસ કરવાની રહેશે.

૪.૪ પસંદગી પામેલ ઉમેદવારે સરકારશ્રી દ્વારા નિયત કરેલ ફોર્મ માં ચોક્કસ રકમ અને સમય અંગેના સિક્યોરિટી અને સ્યોરિટી બોન્ડ આપવાના રહેશે .

## ૫. પસંદગી પ્રક્રિયા:

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા માટે પસંદગી યાદી (મેરીટ લિસ્ટ) તૈયાર કરવા માટે O.M.R. ટેસ્ટ યોજવામાં આવશે. ઉમેદવાર નું મેરીટ ગણવા માટે O.M.R. ટેસ્ટમાં મેળવેલ ગુણના ૬૦ % ભારાંક અને શૈક્ષણિક લાયકાતના ૪૦ % ભારાંક એમ કુલ ૧૦૦ ગુણના (પત્રક-૧) આધારે પસંદગી નક્કી કરવામાં આવશે પરંતુ ખાતાને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકાશે અને તેવા સંજોગો માં તેની જાણ વેબસાઇટ પર કરવામાં આવશે.

## લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ની જગ્યાઓ માટે ની ગુણાંકન પધ્ધતિ

(પત્રક-૧)

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | **એસ.એસ.સી. કક્ષા (ધોરણ-૧૦)** | |
| | અ. ૭૧ % થી ૯૦ % (૦.૨૫ પ્રતિ ૧ %) | ૦૫.૦૦ |
| ૨ | **એચ.એસ.સી. કક્ષા (ધોરણ-૧૨ વિજ્ઞાન)** | |
| | **અ. બધા જ વિષયોનો કુલ સરવાળો**<br>૫૧ % થી ૭૦ % (૦.૨૫ પ્રતિ ૧ %) | ૦૫.૦૦ |
| | **બ. ફક્ત વિજ્ઞાન વિષયો માટે**<br>૫૬ % થી ૭૫ % (૦.૫૦ પ્રતિ ૧ %) | ૧૦.૦૦ |
| ૩ | **સ્નાતક કક્ષા (વિજ્ઞાન સ્નાતક)** | |
| | અ. ૫૧ % થી ૬૦ % (૦.૫૦ પ્રતિ ૧ %) | ૦૫.૦૦ |
| | બ. ૬૧ % થી ૭૫ % (૧.૦૦ પ્રતિ ૧ %) | ૧૫.૦૦ |
| ૪ | લેખિત O.M.R. પરીક્ષાનું મેરીટ<br>(O.M.R. પરીક્ષા માં મેળવેલ ગુણના ૬૦ %) | ૬૦.૦૦ |
| | **કુલ ગુણ** | ૧૦૦.૦૦ |

### ૬. પરીક્ષા પધ્ધતિ:

O.M.R. પધ્ધતિથી M.C.Q. (બહુવૈકલ્પિક) પ્રશ્નો આધારિત પરીક્ષા લેવામાં આવશે , પરીક્ષા આપવા માટે હોલ ટિકિટ ( Hall-Ticket) ડાઉનલોડ કરવી , પરીક્ષાનું સ્થળ/સમય અને અભ્યાસક્રમ વગેરેની વિગતવાર માહિતી સમયાંતરે વેબસાઇટ પર મૂકવામાં આવશે.

### ૭. અનામત કેટેગરીના ઉમેદવારો માટે:

૭.૧ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરતી પ્રક્રિયા સમયે અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / શારીરિક ખોડ ખાંપણ તથા મહિલા ઉમેદવારને અનામત નો લાભ મળવાપાત્ર રહેશે.

૭.૨ અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના , અનુસુચિત જાતિ , અનુસુચિત જનજાતિ તેમજ વિકલાંગ ઉમેદવારો માટે જ અનામત છે. આવા ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ/વિકલાંગતા અંગેનું અસલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૭.૩ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ઠ-ક ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
સામાજિક અને શૈક્ષણિક પછાપવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર તા. ૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ના સમયગાળાની આવકને ધ્યાને લઈ તા. ૦૧/૦૪/૨૦૧૩ કે ત્યારબાદ મેળવેલ હોવું જોઇએ.

## ૮. ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

૮.૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઇટ www.cheguj.com પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૮.૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં **તા: ૩૧-૦૧-૨૦૧૪ ના ૧૯.૫૯ કલાક** બાદ કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

૮.૩ ટપાલ કે કુરીયર મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને રદ થયેલા ગણાશે. આ કચેરીને અરજીપત્રકો મોકલવા નહીં.

૮.૪ ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ **www.cheguj.com** પર રજિસ્ટર થવાનું રહેશે. ઉમેદવારે રજિસ્ટર કરેલા ઇ-મેલ આઇ.ડી પર જો જરૂર લાગશે તો સુચનાઓ આપવામાં આવશે જેથી ઉમેદવારે પોતાનું જ ઇ-મેલ આઇ.ડી આપવાનું રહેશે.

૮.૫ ઉમેદવાર રજિસ્ટર થયા બાદ જ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૦૧-૨૦૧૪ના ૧૯:૫૯ ક્લાક સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/ અપડેટ કરી શકશે નહીં. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૮.૬ બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી રૂ.૨૦૦/. (અંકે રૂપિયા. બસ્સોપુરા) અને વિકલાંગ , અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવા રો માટે અરજી ફી રૂ.૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.

ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે તેમના ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી તા:.૩૧-૦૧-૨૦૧૪ના સમય

16.00 કલાક સુધી માં જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NEFT મારફત નીચેની વિગતના ખાતામાં ઉમેદવારી ફી ઓનલાઇન જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ ટ્રાન્ઝેક્શન આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- **બેંકનું નામ: દેના બેંક**
- **ખાતા નં :૦૩૦૮૧૦૦૨૭૯૦૦**
- **IFSC Code : BKDN0130308**
- **MICR Code: 380018053**

ચલણ ડાઉનલોડ કર્યા બાદ કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગે નો ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવા નો રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં. કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

૮.૭ ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

૮.૮ **લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩**ની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

૮.૯ પસંદગી પ્રક્રિયા મુજબ વિષયવાર અને કેટેગરી પ્રમાણે મેરિટયાદી બનાવવામાં આવશે.

૮.૧૦ મેરીટ યાદી માં સમાવિષ્ટ ઉમેદવારોએ લોગ-ઇન થઇને પ્રમાણપત્ર ચકાસણી માટેનો કોલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે તથા કોલ લેટરમાં જણાવવામાં આવેલ સમય અને સ્થળે રૂબરૂમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ફાળવેલ સમય અને તારીખે ઉમેદવાર ઉપસ્થિત ન રહી શકે તો તેઓનો નિમણૂંક મેળવવા માટેનો હક રદબાતલ થયેલ ગણાશે.

પ્રમાણપત્રોનું વેરીફીકેશન ત્રીજે માળ , બ્લોક નં-૧૨ , ડો જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર,ગુજરાત રાજય, ખાતે કરવામાં આવશે . વેરીફીકેશન માટે નું સમય પત્રક વેબસાઇટ પર મુકવામાં આવશે.

૮.૧૧ ઉમેદવારના પ્રમાણપત્ર ચકાસણી સમયે જો કોઇ કારણસર દાવો કરેલ મેરીટ માર્ક્સમાં ઘટાડો થાય અને તે માર્ક્સ જે તે કેટેગરીના કટ ઑફ માર્ક્સ કરતાં ઓછા થાય તો તેવા ઉમેદવારોને જે તે રાઉન્ડ દરમ્યાન નિમણૂંક માટેની કોલેજની ફાળવણી કરવામાં આવશે નહીં.

૮.૧૨ ઉમેદવારને તેઓના મેરીટ ગુણ અને પસંદગીક્રમના આધારે સરકારશ્રી દ્વારા કોલેજની ફાળવણી કરવામાં આવશે.

૮.૧૩ ઉમેદવારની નિમણૂંક થાય ત્યાર પછી નિમણૂંક આદેશમાં જણાવ્યા અનુસારની મુદતમાં ફાળવાયેલ કોલેજમાં હાજર થવાનું રહેશે અન્યથા ઉમેદવારનો નિમણૂંક આદેશ આપોઆપ રદ થયેલ ગણાશે. કોઇપણ સંજોગોમાં સ્થળ બદલી આપવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૮.૧૪ પ્રમાણપત્ર ચકાસણી સમયે ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી અસલ પ્રમાણપત્રો અથવા આધારો રજુ કરવાના રહેશે.

૮.૧૫ કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૮.૧૬ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ગણવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી , અધુરી અથવા ભુલભરેલી જણાશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ગણવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

૮.૧૭ ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રુફ સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૮.૧૮ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૮.૧૯ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી દ્વારા કરવામાં આવતી ભરતી પ્રક્રિયા મા દરેક ને સમાન તક આપવા તથા મહિલાઓ વધુ ઉમેદવારી નોંધાવે તે માટે પ્રોત્સાહિત કરે છે.

૮.૨૦ ઓનલાઈન અરજી કરતી વખતે કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર જણાવેલ હેલ્પ લાઈન નંબર પર જ સંપર્ક કરવાનો રહેશે.

**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી**
**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,**
**ગાંધીનગરગુજરાત રાજય.**